## ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.

**જાહેરાત ક્રમાંકઃ ૨૧/૨૦૧૧૧૨**

**કારકુન કમ ટાઇપીસ્ટ (ગુજરાતી/અંગ્રેજી) અને ટાઇપીસ્ટ (ગુજરાતી/અંગ્રેજી)ના ઉમેદવારો માટે ટાઇપીંગ ટેસ્ટ અંગેની સૂચનાઓ**

**(૧) બિન સચિવાલય સેવાના પાંચ સંવર્ગો (૧) કારકુન, (૨) કારકુન કમ ટાઇપીસ્ટ (ગુજરાતી), (૩) કારકુન કમ ટાઇપીસ્ટ (અંગ્રેજી), (૪) ટાઇપીસ્ટ (ગુજરાતી), (૫) ટાઇપીસ્ટ (અંગ્રેજી)** ભરતી માટે સંયુક્ત જાહેરાત ક્રમાંકઃ૨૧/૨૦૧૧૧૨ ને અનુલક્ષીને તા.૧૮/૦૮/૨૦૧૨ ના રોજ મંડળ દ્વારા બધા સંવર્ગો માટે સંયુક્ત લેખિત પરીક્ષા યોજવામાં આવેલ હતી. જે પૈકી કારકુન સંવર્ગનું પરિણામ તા.૧૯/૯/૨૦૧૨ના રોજ જાહેર કરીને મંડળે કામચલાઉ પસંદગીયાદી અને પ્રતિક્ષાયાદી બહાર પાડેલ અને ભરતી પ્રક્રીયા હાથ ધરી પસંદગીપાત્ર ઉમેદવારોની ફાળવણી સંબંધિત ખતાના વડાઓને કરેલ છે.

**(૨) કારકુન કમ ટાઇપીસ્ટ (ગુજરાતી), કારકુન કમ ટાઇપીસ્ટ (અંગ્રેજી), ટાઇપીસ્ટ (ગુજરાતી), ટાઇપીસ્ટ (અંગ્રેજી) સંવર્ગોનું પરિણામ ટૂંક સમયમાં મંડળ દ્વારા બહાર પાડવામાં આવશે. જે પરિણામ બહાર પાડ્યા બાદ ઉત્તીર્ણ ઉમેદવારોનોઃ-**

(૧) કારકુન કમ ટાઇપીસ્ટ **(ગુજરાતી)** (૨) ટાઇપીસ્ટ **(ગુજરાતી)** ની જગ્યા માટે પ્રેફરન્સ દર્શાવેલા ઉમેદવારોનો **ગુજરાતી ટાઇપીંગ ટેસ્ટ,** અને

(૧) કારકુન કમ ટાઇપીસ્ટ **(અંગ્રેજી) તથા** (૨) ટાઇપીસ્ટ **(અંગ્રેજી)** ની જગ્યા માટે પ્રેફરન્સ દર્શાવેલા ઉમેદવારોનો **અંગ્રેજી ટાઇપીંગ ટેસ્ટ** મંડળ દ્વારા કોમ્પ્યુટર ઉપર યોજવામાં આવશે.

**(૩) ટાઇપીસ્ટ (અંગ્રેજી/ગુજરાતી) તથા કારકુન કમ ટાઇપીસ્ટ (અંગ્રેજી/ગુજરાતી) માટેનો ટાઇપીંગ ટેસ્ટ નીચે મુજબ રહેશે.**

| | | |
|---|---|---|
| ❖ Clerk-cum-Typist (English)<br>❖ Typist (English) | } ⇒<br>Type writing<br>in English | ૧૦૦ ગુણ<br>૧૦ મીનીટ<br>૪૦ શબ્દ ઝડપ પ્રતિ મિનિટ (Per minute) ની સ્પીડથી સતત દશ મિનીટ સુધી આપેલ 400 WORDS નો ફકરો, neat & Accurate ટાઇપ કરવાનો રહેશે. |
| કારકુન કમ ટાઇપીસ્ટ (ગુજરાતી)<br>ટાઇપીસ્ટ (ગુજરાતી), | } ⇒<br>Type writing<br>in Gujarati | ૧૦૦ ગુણ<br>૧૦ મીનીટ<br>લઘુતમ સ્પીડ ૨૦(વીસ) શબ્દ ઝડપ પ્રતિ મિનિટ અનુસાર (Per minute) સતત દસ મિનીટમાં સુધી neat & Accurate ૨૦૦ શબ્દનો ટાઇપ કરવાનો રહેશે. |

**(૪)** અંગ્રેજી ટાઇપીંગ ટેસ્ટ અને ગુજરાતીના ટાઇપીંગ ટેસ્ટ અલગ અલગ દિવસે કોમ્પ્યુટર મારફત લેવામાં આવશે.

**(૫)** રાજ્ય સરકારના વિજ્ઞાન અને પ્રૌધોગિકી વિભાગના ***તા.૨૨/૮/૨૦૦૮ના ઠરાવ ક્રમાંકઃ જીયુજે/૨૦૦૬/૧૧૭૯/આઇટી*** ની સૂચનાઓથી સરકારશ્રીએ Ms Office 2003 Indic અને Ms Office 2007 Indic વર્ઝનને ગુજરાતી ભાષાના કોમન સોફ્ટવેર તરીકે સરકારે અધિકૃત સોફ્ટવેર ગણેલ છે. રાજ્ય સરકારની આ નીતિને અનુલક્ષીને કારકુન કમ ટાઇપીસ્ટ (ગુજરાતી) અને ટાઇપીસ્ટ (ગુજરાતી) ના ઉમેદવારોનો ગુજરાતી ટાઇપીંગ ટેસ્ટ આ સોફ્ટવેર (Indic IME)મારફત લેવામાં આવશે.

**(૬)** સદર Indic IME સોફ્ટવેર ફ્રી સોફ્ટવેર છે. ઇન્ટરનેટ પર સર્ચ કરવાથી આ સોફ્ટવેર સહેલાઇથી ડાઉનલોડ કરી શકાશે. ઉદાહરણરૂપે તેવી એક લીન્ક નીચે છે જેનો પણ ઉપયોગ કરી શકાય.

http://www.bhashaindia.com/gujarati/Pages/home.aspx

(૭) સદર Indic IME ફ્રી સોફ્ટવેરને કોમ્પ્યુટરમાં ઇન્સ્ટોલ કરવા માટે બે મિનિટ જેટલો જ સમય લાગે છે. આ સોફ્ટવેર અંગેની વધુ વિગતો ઇન્ટરનેટ પર સર્ચ કરવાથી સરળતાથી મળી શકે તેમ છે. અથવા તો નીચેની લીન્ક પરથી પણ વિગતો ઉપલબ્ધ થઇ શકશે.

http://www.bhashaindia.com/SiteCollectionDocuments/Downloads/IME/Indic3/helpfiles/Gujarati%20Indic%20Input%203-User%20Guide.pdf

**વધુ માહિતી માટે નીચે આપેલ ડાઉનલોડ વિભાગ જુવો.**

(૮) આ સોફ્ટવેરમાં નીચે મુજબનાં આઠ(૮) કી-બોર્ડ ઉપલબ્ધ છે.

1. Gujarati Transliteration
2. Gujarati Typewriter
3. Gujarati Typewriter(G)
4. Gujarati Inscript
5. Gujarati Indica
6. Remigntan Indica
7. Special Characters.
8. Gujarati Terafont

1. જેઓ બ-ક-મ-ન દ્વારા પધ્ધતિસર ટાઇપીંગ શીખીને ટાઇપ કરતાં હોય તેમના માટેનું કી-બોર્ડ,
2. જેઓ ગુજરાતી શબ્દોના ઉચ્ચાર પ્રમાણે અંગ્રેજીના સ્પેલીંગ બનાવીને અંગ્રેજી કી-બોર્ડ (a s d f g...) મારફત ગુજરાતી ટાઇપીંગ કરતા હોય તેમના માટેનુ; કી-બોર્ડ,
3. ડીઓઇ તરીકે ઓળખાતા ગુજરાતી ભાષાના એક અલગ કી બોર્ડ મારફત ટાઇપીંગ કરતા હોય તેમના માટેનું કી-બોર્ડ
4. અગાઉ ગુજરાતી ટાઇપીંગ માટે “Gujarati Indica” (ગુજરાતી ઇન્ડીકા) ના નામે વેચાતા સોફ્ટવેર મારફત ટાઇપીંગ કરતાં શીખ્યા હોય તેવાઓ માટેનું Gujarati Indica કી-બોર્ડ,
5. જેઓ Gujarati Terafont ના True Type ના Font ના કી-બોર્ડથી ગુજરાતી ટાઇપીંગ કરતાં હોય તેમના માટેનું કી-બોર્ડ..
6. અને બીજા ત્રણ પ્રકારના કી-બોર્ડ સહીત **કુલ આઠ પ્રકારના કી-બોર્ડ આ** સોફ્ટવેરમાં ઉપલબ્ધ છે.

વધુ અને સંપૂર્ણ વિગતો ઉપર (૬) અને (૭) માં દર્શાવેલ લીન્ક પરથી મળી શકશે.

**(૯) કારકુન કમ ટાઇપીસ્ટ (ગુજરાતી) કે ટાઇપીસ્ટ (ગુજરાતી)** ની જગ્યા માટે પ્રેફરન્સ દર્શાવેલા ઉમેદવારોને મંડળ દ્વારા યોજાનાર ગુજરાતી ટાઇપીંગ ટેસ્ટ માટે Indic IME સોફ્ટવેર મારફત ગુજરાતી ટાઇપીંગની પ્રેક્ટીસ કરવા આથી જણાવવામાં આવે છે.

**(૧૦) કારકુન કમ ટાઇપીસ્ટ (ગુજરાતી) કે ટાઇપીસ્ટ (ગુજરાતી)** ની જગ્યા માટે પ્રેફરન્સ દર્શાવેલા ઉમેદવારોનો ગુજરાતી ટાઇપીંગ ટેસ્ટ Indic IME સોફ્ટવેર મારફત મંડળ યોજશે ત્યારે, કી-બોર્ડ પર અંગ્રેજી અક્ષરો અંકીત થયેલા હશે. પરંતુ, Gujarati Remington Indica Typewriter ના ગુજરાતી ભાષાના બ-ક-મ-◌ા-ન- ના કી-બોર્ડનો નકશો દર્શાવતી કાગળ ઉપરની પ્રીન્ટ નકલ ઉમેદવારોને પૂરી પાડવામાં આવશે.

**(૧૧)** અંગ્રેજી ટાઇપીંગ ટેસ્ટ અને ગુજરાતી ટાઇપીંગ ટેસ્ટ અંગેની વધુ સૂચનાઓ મંડળની વેબસાઇટ પર મુકવામાં આવશે. ઉમેદવારોને વેબસાઇટ જોતાં રહેવા માટે આથી જણાવવામાં આવે છે.

## ડાઉનલોડ્સ

1. Ms Office 2003 Indic અને Ms Office 2007 Indic વર્ઝનને ગુજરાતી ભાષાના કોમન સોફ્ટવેર તરીકે સરકારે અધિકૃતતા આપતો રાજ્ય સરકારના વિજ્ઞાન અને પ્રૌધોગિકી વિભાગનો તા.૨૨/૮/૨૦૦૮નો ઠરાવ ક્રમાંકઃ જીયુજે/૨૦૦૬/૧૧૭૯/આઇટી
2. Indic IME ફ્રી સોફ્ટવેરને કોમ્પ્યુટરમાં ઇન્સ્ટોલ કરવા માટેની માર્ગદર્શિકા
3. Gujarati Remington Indica Typewriter ના ગુજરાતી ભાષાના બ-ક-મ-◌ા-ન- ના કી-બોર્ડનો નકશો


Gujarati Remington Indica Typewriter
Tab
Caps Lock
Enter
Shift
Shift
Space Bar